## આવતીકાલનો ઉજાસ



**અભિષેક એસ દેશપાંડે**
**ધોરણ-૮**
**પ્રેરણા વિદ્યાલય**

સૅક્ટર પાંચમાં રહેતો અભિષેક ભણતરમાં તેજસ્વી છે. અન્ય વિષયો કરતાં ગણિત અને વિજ્ઞાનમાં તે વધારે રસ ધરાવે છે. ઈતર પ્રવૃત્તિઓમાં ક્રિકેટ અને ચૅસને અગ્રીમતા આપે છે. યાંત્રીક અને વૈજ્ઞાનિક બાબતોને લગતી જાણકારી મેળવવામાં તેને ખૂબ રસ છે. ઉપરાંત, ખગોળ દર્શન અને જુદા જુદા ગ્રહો વિશેની માહિતી મેળવવા માટે પણ તે હંમેશા તૈયાર રહે છે.

સંવેદનશીલ સ્વભાવ ધરાવતો અભિષેક તાજેતરમાં સ્કૂલમાંથી બાળકોને ઊઠાવી જવાના કિસ્સા અંગે જાણ્યા બાદ પોતાના એક હૉસ્ટેલમાં રહેતા મિત્રની સાચવણી સ્કૂલ છૂટ્યા પછી તેનું વાહન ન આવે ત્યાં સુધી કરે છે. અને જો વાહન ન આવે તો જાતે જ મિત્રને હૉસ્ટેલ સુધી પહોંચાડવાની નિષ્ઠ જવાબદારી પણ નિભાવે છે.

# ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં બાયોલોજીનું પ્રશ્નપત્ર લાંબુ છતાં સરળ : વિદ્યાર્થીઓ ખુશ

## ૧૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા : એક પણ કોપી કેસ નથી

ગાંધીનગર, તા. ૨૩

ધો-૧૧ના વિજ્ઞાનપ્રવાહમાં દ્વિતીય સેમીસ્ટરની લેખિત પરીક્ષા દરમિયાન આજે જિલ્લાના ૧૭૪૬ વિદ્યાર્થીઓની જીવવિજ્ઞાન વિષયની કસોટી લેવાઈ હતી. બાયોલોજીનું પ્રશ્નપત્ર સરળ અને પાઠયપુસ્તકથી હોવાનું વિષય નિષ્ણાંતોએ જણાવ્યું છે. પરંતુ પ્રશ્નપત્ર થોડું લેન્ધી સાબિત થયું હોવાનો અહેસાસ પણ વિદ્યાર્થીઓએ વ્યક્ત કર્યો હતો. ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા અંતિમ તબક્કામાં પહોંચી છે. અત્યાર સુધી ગણિત વિષયને બાદ કરવા મોટાભાગના પ્રશ્નપત્રો સરળ નીકળતા વિદ્યાર્થીઓ ચિંતા મુક્ત જોવા મળી રહ્યા છે. અગાઉ ભૌતિક શાસ્ત્રનું પેપર પણ સફળ નીકળ્યું હતું. જ્યારે આજે બાયોલોજીની પરીક્ષા લેવાઈ હતી. જેમાં જિલ્લાના ૧૭૬૦ પૈકી ૧૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. વિષય નિષ્ણાંત પ્રદીપ ગગલાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે જીવવિજ્ઞાનનું પ્રશ્નપત્ર પાઠયપુસ્તક આધારિત અને સરળ હતું. પેપર સહેલું નીકળતા વિદ્યાર્થીઓ પણ ખુશ જોવા મળ્યા હતા પરંતુ ઘણા ખરા વિદ્યાર્થીઓએ પેપર લેન્ધી હોવાથી સમય ખૂટયો હોવાનો અફસોસ પણ વ્યક્ત કર્યો હતો. ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા દરમિયાન અત્યાર સુધી એક પણ કોપી કેસ નોંધાયો નથી. આગામી તા. ૨૫ એપ્રિલના રોજ ભાષા સહિતના વૈકલ્પિક વિષયોની પરીક્ષા લેવાશે.

# મોટાભાગની એન્જિ કોલેજોમાં લેબ અને ટીચરનો અભાવ છે

**જીટીયુ અને એઆઇસીટીઇની તપાસમાં ખામીઓ : કોલેજોની સામે પગલાઓ ભરવાના બદલે તેને છાવરવામાં આવે છે : એઆઈસીટીઇએ તપાસ સમયમર્યાદા લંબાવી**

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત સહિત દેશભરની એન્જિનીયરીંગ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્વે નિયમ મુજબ એઆઈસીટીઈએ તપાસ હાથધરી છે. તપાસ દરમિયાન મોટાભાગની કોલેજોમાં લેબોરેટરી અને ટીચરનો અભાવ હોવાનું બહાર આવ્યું છે. બીજીબાજુ તપાસ વિલંબ થતાં હવે ૧૫મી એપ્રિલની મુદત વધારી ૩૦મી એપ્રિલ કરવામાં આવી છે. આ વખતે તપાસ ટીમમાં આર્કિટેક પણ રાખવામાં આવ્યા છે. અગાઉ જીટીયુએ કરેલી અને હાલ એઆઈસીટીઈની તપાસમાં કેટલીક સમાંતર ખામીઓ બહાર આવી છે.

દરવર્ષે પ્રવેશ પ્રક્રિયા પૂર્વે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટિચર્સ એજ્યુકેશન (એઆઈસીટીઈ) દ્વારા દેશભરની એન્જિનીયરીંગ કોલેજોમાં જરૂરીયાત મુજબ તપાસ હાથધરાય છે. તપાસમાં જે કોલેજોએ બેઠકો વધારવા કે પછી નવી બેઠકોની મજૂંરી માટે અરજી કરી હોય તેમજ હેડહોક ધોરણે ચાલતી હોય તેવી કોલેજોનો ખાસ સમાવેશ થાય છે.

જીટીયુના સૂત્રોના જણાવ્યા અનુસાર એઆઈસીટીઈ દ્વારા ગુજરાતમાં ૧૫મી એપ્રિલ સુધીમાં તપાસ પૂરી કરવાની હતી પરંતુ તપાસ

# મારી મમ્મી ક્યારેય થાકતી જ નથી મારા પપ્પા મારા માટે આદર્શ છે



## હું ઊઠું એ પહેલાં મમ્મી ઊઠી જાય છે અને હું સૂઈ જાઉં ત્યાં સુધી એ જાગતી જ હોય છે, તો એ સૂવે છે ક્યારે ?

ગાંધીનગર, તા. ૨૩

'મારી મમ્મી ક્યારેય થાકતી જ નથી, મારા પપ્પા મારા માટે આદર્શ છે, મારા પપ્પા દુનિયાના ગ્રેટેસ્ટ પપ્પા છે...' આવી તો અનેક ઉક્તિઓ આજે નહેરૂ વનૌષધિ ઉદ્યાનમાં સાંભળવા મળી હતી.

આત્મન્ ફાઉન્ડેશન દ્વારા આ સ્થળે ૧૬મી 'અભિવ્યક્તિ' શિબિરનો ગઈકાલથી આરંભ થયો છે. ગઈકાલે નાટકની તાલીમ વેળા નાટ્યકાર કુંતલ નિમાવત દ્વારા બાળકોને આજ માટે એવું લેસન આપવામાં આવ્યું હતું કે તેઓ પોતાના માતા-પિતાને સંબોધીને એક પત્ર લખી લાવે, જેમાં માતા-પિતાની પોતાને ગમતી બાબતોનો ઉલ્લેખ હોવો જોઈએ. ઘણાં બાળકોએ વૅકેશન શિબિરમાં અપાયેલું આ લેસન અક્ષરશઃ પાળ્યું અને આજે તેઓ પત્ર લખીને પણ લાવ્યા.

એ પછી દરેક બાળકને અન્ય બાળકોની સામે પોતે લખેલો પત્ર વાંચવાનું કહેવામાં આવ્યું. બાળકોએ જે પત્રો વાંચ્યા એમાં જે અવતરણો હતાં એ ખરેખર લાજવાબ હતાં. ૭થી ૧૪ વર્ષની વયમર્યાદા ધરાવતાં બાળકો શિબિરમાં હતાં. પરંતુ એમણેય એવા સુંદર પત્રો લખ્યા હતા કે જે કાયમી યાદ રહી જાય. એમાંના કેટલાંક અવતરણો ખાસ ગાંધીનગર સમાચારના વાચકો માટે :

'મારા પપ્પા મને જે જોઈએ તે લઈ આપે છે અને ક્યારેય મારા માટે રૂપિયા ખર્ચ કરવાની ના પાડતા નથી.'

'મારી મમ્મી સવારથી માંડીને સાંજ સુધી કામ કરે છે, પણ મેં એને ક્યારેય થાકતા નથી જોઈ. હું ઊઠું એ પહેલાં મમ્મી ઊઠી જાય છે અને હું સૂઈ જાઉં ત્યાં સુધી એ જાગતી જ હોય છે. તો એ સૂવે છે ક્યારે ? એ જ મને સમજાતું નથી.'

'હું માનું છું કે ભગવાન દરેક જગ્યાએ એકસાથે પહોંચી શકતો નથી. એ માટે જ તેણે મમ્મી અને પપ્પાને બનાવ્યા છે, જેથી દરેક ઘરનાં બાળકોને એની કૃપા મળી રહે.'

'મારી મમ્મી પ્રૅગ્નેન્ટ છે તેમ છતાં એ સવારે ૪ વાગ્યે ઊઠી જાય છે અને રાત્રે ૧૧ વાગ્યા સુધી કામ કરતી હોય છે. અમારો નાસ્તો બનાવવાથી માંડીને અમારા લેસન સુધીની બધી જ જવાબદારી અમારી મમ્મી ઉપાડે છે. મને મારી મમ્મી બહુ ગમે છે.'

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

**- રજનીકાંત ભટ્ટ**



॥ ત્રીજો મણકો ॥

સ્વામી વિવેકાનંદ ભારત પરિભ્રમણ દરમ્યાન આસામથી દ્વારકા અને કાશ્મિરથી કન્યાકુમારી મોટાભાગે પગપાળા પ્રવાસ કરતાં કરતાં અંતે કન્યાકુમારી પહોંચ્યા. આ સ્થળ ભારતનો તેમજ પૃથ્વીનો અંતિમ બાગ છે. ત્યાંથી દક્ષિણ ધ્રૃવ સુધી માત્ર અફાટ સમુદ્ર જ છે. આ સ્થળ દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યમાં સ્થિત છે. આ સ્થળની વિશેષતા એ છે કે અહીં ત્રણ સમુદ્રોનાં જળ એકમેકને મળે છે. હિન્દ મહાસાગર, અરબી સમુદ્ર અને બંગાળના ઉપસાગરનો ત્રિવેણી સંગમ અહીં થાય છે. ગાંધીજીએ આ સ્થલને પૃથ્વી પરનું 'અતુલ્ય સ્થળ' કહ્યું છે. સ્વામીજીએ ભારત પરિભ્રમણનું અહીં સમાપન કર્યું.

સ્વામીજી સ્નાન કરીને દેવી કન્યાકુમારીના મંદિરમાં ગયા અને દેવીને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. મંદિરની બહાર આવ્યા. દરિયા કિનારાથી આશરે અડધો-પોણો કિલોમીટર દરિયામાં અંદર એક શિલા તેમણે જોઈ. ત્યાં પહોંચવા તેમણે ઘૂઘવતા સાગરની અંદર ઝંપલાવ્યું. સાગરમાં શાર્ક, વ્હેલ જેવી શિકારી માછલીઓની પરવા કર્યા વગર આ વીર સંન્યાસી તરતાં તરતાં શિલા પર પહોંચ્યા. અહીં સ્વામીજીએ ત્રણ દિવસ-ત્રણ રાત (સંભવતઃ તા. ૨૫, ૨૬, અને ૨૭ ડિસેમ્બર) એકાંત અને ધ્યાનમાં વિતાવ્યા. ઉપર અનંત આકાશ અને આસપાસ સમુદ્રનો અફાટ જળરાશિ. ભૂખ્યા-તરસ્યા આ વીર સંન્યાસી ઊંડા વિષાદ અને વેદનાભર્યા ચિત્તે ભારતના જલસાધારણની ઉન્નતિનો ઉપાય શોધવા નિગૂઢ ધ્યાનમાં નિમગ્ન થયા. તત્કાલીન ભારતની સમસ્યાઓથી સ્વામીજી સુપેરે પરિચિત હતા. એમના મનઃચક્ષુઓની સમક્ષ એમના પરિવ્રાજક જીવન દરમ્યાન થયેલા અનુભવોનું એક વિશાળ પરિદશ્ય ખડું થયું. જાણે કે ઈતિહાસનાં પાનાં એક પછી એક ખૂલતાં ગયાં.

ભારતની દયનીય સ્થિતિ, ખાસ કરીને ભૂખે મરતા લાખો ભારતવાસીઓને યાદ કરીને સ્વામીજી ખૂબ રડ્યા ! રડી રડીને તેમની આંખો સૂજી ગઈ કે સૂર્યના પ્રકાશમાં તેઓ આંખ ખોલી શકતા નહીં. તેમણે ભારતના ભૂત, વર્તમાન અને ભવિષ્ય પર, તેના પતનનાં કારણો અને તેના પુનરુદ્ધારનાં સાધનો પર ચિંતન કર્યું. એમણે અનુભવ્યું કે ભારત તેની આધ્યાત્મિક ચેતનાના નવીનીકરણ અને પુનઃસ્થાપન દ્વારા જ પુનઃ શક્તિશાળી બની શકે.

કન્યાકુમારીના આ શિલાખંડ પર બેઠા બેઠા સ્વામીજીએ પશ્ચિમમાં જવાનો નિર્ણય કર્યો કે જ્યાંથી તેઓ ભારતીય અધ્યાત્મ અને સંસ્કૃતિનો પ્રચાર કરવાનું પોતાનું જીવન કાર્ય પૂર્ણ કરી શકે અને ભારતના ગરીબો માટે સહાયતા માગી શકે.

સ્વામીજી રામેશ્વરમ્ અને મદુરાઈ થઈને મદ્રાસ ગયા. મદ્રાસ (હાલ ચેન્નાઈ) ખાતે પ્રો. આલાસિંગા પેરુમલ અને તેમના યુવા મિત્રો સ્વામીજીને મળ્યા અને અમેરિકાના શિકાગો શહેરમાં યોજાનાર વિશ્વ ધર્મ પરિષદમાં હિન્દુ ધર્મના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા માટે, હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ કરવા માટે વિનંતી કરી. સ્વામીજીના આ યુવા શિષ્યોએ આ હેતુ માટે પૈસા એકઠા કરવાનું શરૂ કર્યું. અલબત્ત, સ્વામીજીના મનમાં અંતર્દ્વંદ્વ ચાલતું હતું કે અમેરિકા જવું કે કેમ ? આવી મનોસ્થિતિમાં એક દિવસ તંદ્રાવસ્થામાં સ્વામીજીએ રામકૃષ્ણ દેવના દર્શન થયાં. તેઓ સમુદ્ર પર ચાલતા જતા હતા અને સ્વામીજીને પાછળ પાછળ આવવા આદેશ આપી રહ્યા હતા. આમ, ગુરુનો આદેશ તેમને મળી ગયો.

સ્વામીજીએ ભારત પરિભ્રમણના પ્રારંભમાં મા શારદા દેવીના આશીર્વાદ લીધા હતા. બસ, એ જ રીતે અમેરિકા જવા માટે પણ આજ્ઞા અને આશીર્વાદ પ્રાર્થતો પત્ર તેમણે મા શારદાને લખ્યો. મા શારદાએ આશીર્વાદ આપતો પત્ર પાઠવ્યો અને અતિ પ્રસન્ન થઈ માએ લખ્યું કે આ વિશ્વ ધર્મ પરિષદ તારા માટે જ યોજાઈ રહી છે. સ્વામીજીએ પણ પોતાના ગુરુભાઈ સ્વામી તુરીયાનંદને કહેલું, 'હરિભાઈ, હું અમેરિકા જઈ રહ્યો છું. ત્યાં જે પણ ઘટશે અને તે વિશે તમે સાંભળશો તે બધું મારા કારણે હશે. આ બધી તૈયારી (વિશ્વ ધર્મ પરિષદ માટેની) કેવળ મારા માટે થઈ રહી છે.' જાણે કે સ્વામીજી નજીકના ભવિષ્યમાં ઘટનાર ઘટનાઓ એટલે કે શિકાગો વિશ્વ ધર્મ પરિષદમાં તેઓ હિન્દુ ધર્મ અને સંસ્કૃતિનો જયજયકાર કરશે, વિશ્વ આશ્ચર્યચકિત, દિગ્મૂઢ થઈને તેમને સાંભળશે - આ બધું તેઓ જાણતા હતા !

એક બાજુ અમેરિકા જવાની તૈયારી ચાલતી હતી ત્યારે જ ખેતડીના મહારાજાનું આશ્ચર્યજનક નિમંત્રણ મળ્યું કે પોતાના રાજમહેલમાં પુત્ર જન્મોત્સવમાં પધારે. સ્વામીજી શિષ્યના આમંત્રણનો અસ્વીકાર ન કરી શક્યા. મહારાજા પણ સ્વામીજીના આગમનથી અતિ પ્રસન્ન થયા અને અમેરિકાની યાત્રા માટે હરસંભવ સહાય કરવા મહારાજાએ સ્વામીજીને વચન આપ્યું.

મહારાજાના સૂચન પર સ્વામીજીએ હવે વિવેકાનંદ નામ ધારણ કર્યું. (અપૂર્ણ)

# ૧૨મી ઑલ ઈન્ડીયા પોલીસ શૂટીંગ સ્પર્ધામાં ગુજરાત પોલીસે બે સિલ્વર મૅડલ્સ જીત્યા

ગાંધીનગર, તા. ૨૩

ઈન્દોર ખાતે યોજાયેલી ૧૨મી ઓલ ઈન્ડીયા પોલીસ શુટીંગ સ્પર્ધામાં ૧૨ વર્ષના લાંબા સમય બાદ ગુજરાત પોલીસ દળના અધિકારી જવાનોએ સિલ્વર મેડલ મેળવવાની સિધ્ધી પ્રાપ્ત કરી છે.

૧૨મી ઓલ ઈન્ડિયા પોલીસ શુટીંગ કોમ્પીટીશન-૨૦૧૧ સીએસડબલ્યુટી, બીએસએફ ઈન્દોર ખાતે ૧૭-૪-૨૦૧૨ થી ૨૧-૪-૨૦૧૨ દરમિયાન યોજાઈ હતી. આ સ્પર્ધામાં દેશના અલગ અલગ ૨૨ રાજ્યોની પોલીસ ટીમો તથા આઠ સેન્ટ્રલ પોલીસ ઓર્ગેનાઈઝેશનની ટીમો સહીત કુલ ૩૦ ટીમોએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં રાઈફલ તથા પિસ્ટોલ રીવોલ્વર તથા કાર્બાઈન એમ.પી.-૫ એમ ત્રણ અલગ અલગ હથિયારોની કેટેગરીમાં દેશના ૭૦૦ શૂટરો વચ્ચે રેવતી ફાયરીંગ રેન્જ ખાતે ૪ દિવસ સુધી મેચો રમાયેલ.

આ સ્પર્ધામાં ગુજરાત પોલીસની શૂટીંગ પોલીસ ટીમે પો.ઈન્સ્પેકટર પી.પી. વ્યાસના નેતૃત્વ હેઠળ ૧૫ અધિકારી જવાનોની ટીમ સાથે ભાગ લીધેલ. જેમાં ચેતક કમાન્ડો યુનિટ-૨ના પો.ઈન્સ.વી.આર. યાદવે એમપી-૫ દ્વારા ૫૦ મીટર નીલીંગ પોઝીશનમાં ૧૦ સેકન્ડમાં ટૂંકા સમયમાં જ અલગ અલગ ટાર્ગેટ પર ફાયર કરીને ૪૦ માર્કસમાંથી ૩૮ માર્કસ મેળવી ગુજરાત પોલીસના ઈતિહાસમાં કાર્બાઈન એમ.પી.-૫ સંવર્ગમાં સૌ પ્રથમ સિલ્વર મેડલ મેળવી નવો ઈતિહાસ રચેલ છે.

આજ પ્રમાણે રાઈફલ શૂટિંગની પ્રતિયોગીતામાં ચેક કમાન્ડો યુનિટ-૨ના પો.કો. રણજીત એસ. તડવી (માતૃજુથ-૩ મડાણ) એ પણ નવો ઈતિહાસ રચતા ૩૦૦ ગજ સ્નેપ શૂટીંગમાં ૩૦માંથી ૩૦ માર્કસ મેળવી બુલમાં ૪ ગોળી માટેનું દ્વિતીય સ્થાન મેળવી સિલ્વર મેડલ મેળવેલ છે.

સ્પર્ધામાં એક સાથે બે મેડલ મેળવી સોનેરી પ્રકરણની શરૂઆત કરવા બદલ ગુજરાતના સ્પર્ધકોને પોલીસ મહાનિર્દેશક ચિતરંજન સિંઘે અભિનંદન પાઠવેલ છે.

# ગુજ.યુનિ.ની બે કૉલેજોને મૉડલ કૉલેજ તરીકે માન્યતા

અમદાવાદ, તા. ૨૩

દેશભરના કુલપતિઓની દિલ્હી ખાતે ૯મી સાર્ચે મળેલી બેઠકમાં ગુજરાતત યુનિવર્સિટીના કુલપતિએ કરેલી દરખાસ્ત પૈકી બે કોલેજોને મોડલ કોલેજ માટેની માન્યતા મળી છે. આ કોલેજોને નવા શૈક્ષણિક સત્રથી વાર્ષિક રૂા. ૨.૬૭ કરોડની ગ્રાન્ટ મળી શકશે. આ સાથે ૧૪ કોલેજોને એડીશનલ એસીસ્ટન્ટની પણ ગ્રાન્ટ મળશે.

દિલ્હી ખાતે યુજીસીના ચેરમેનની અધ્યક્ષતામાં દેશની તમામ યુનિવર્ષિટીના કુલપતિઓની મળેલી બેઠકમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિએ ૧૪કોલેજોને મોડ કોલેજની માન્યતા માટે ભલામણ કરી હતી જેમાંથી બેઠકમાં ૧૪ પૈકી બે કોલેજોને મોડલ કોલેજોની માન્યતા મળી છે. જેમાં કઠલાલની ગર્વમેન્ટ આર્ટસ ઍન્ડ કોમર્સ કોલેજ અને પંચમહાલની આર્ટસ ઍન્ડ કોમર્સ કોલેજનો સમાવેશ થાય છે. બેઠકમાં યુજીસીની માન્યતા બાદ હવે નવા શૈક્ષણિક સત્રથી બે કોલેજોને વાર્ષિક ૨.૬૭ કરોડની ગ્રાન્ટ મળશે. જેમાં વર્ષની શરૂઆતમાં કોલેજોને ૧.૩૦ કરોડ અને ૫૦ હજાર રૂપિયા ગ્રાન્ટનો પ્રથમ ભાગ મળશે. આ બન્ને કોલેજોએ નવા શૈક્ષણિક સત્રથી પ્રવેશ પ્રક્રિયાની અનામત પોલીસીનું પાલન કરવાનું રહેશે. આ રકમ પૈકી ૨૨.૫૦ ટકા રકમ એસ.સી. અને એસ.ટી. યોજના પાછળ પણ વાપરવી પડશે.

આ સિવાય બેઠકમાં ૧૪ કોલેજોને એડીશનલ એસીસ્ટન્ટની ગ્રાન્ટ માટે પણ દરખાસ્ત કરી હતી. જેમાં અમદાવાદની પી.ડી.પંડયા કોલેજ, એન.સી.બોડીવાલા કોલેજ, ભવન્સ કોલેજ, એજી.ટીચર્સ કોલેજ, સહજાનંદ કોમર્સ કોલેજ, સહજાનંદ આર્ટસ કોલેજ, એમ.જી. સાયન્સ કોલેજ, છોટા ઉદેયપુરની આર્ટસ કોલેજ, મોનપૂરની આર્ટસ કોલેજ, વિરગામની આર્ટસ કોલેજ, બોડેલી કોમર્સ કોલેજ, ગાંધીનગર સરકારી કોલેજ અને લુણાવાડાની કોમર્સ કોલેજનો સમાવેશ થાય છે. આ તમામ કોલેજોને વાર્ષિક રૂા. ૧૦ લાખની ગ્રાન્ટ મળશે.

# વિદ્યાર્થીઓની સર્જનશક્તિ ખીલવવાનો ઉમદા પ્રયાસ

## સ્કૂલ ઑફ ઍચીવર, કુડાસણ ખાતે ચાલી રહેલા સમર કૅમ્પમાં ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ વિવિધ રમતો અને કલાઓની પદ્ધતિસરની તાલીમ મેળવી રહ્યા છે









શ્રી એસ એસ પટેલ એજ્યુકેશન ઍન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સ્કૂલ ઓફ એચિવર, કુડાસણ ખાતે તા. ૧૬ એપ્રિલથી સમર કેમ્પનો આરંભ થયો છે, જે તા. ૨૮ એપ્રિલ સુધી ચાલશે. ઉલ્લેખનીય છે કે આ કેમ્પનું આયોજન વિનામૂલ્યે કરવામાં આવ્યું છે અને ૩૫૦ જેટલા તાલીમાર્થીઓને તાલીમ ઉપરાંત પરિવહનની સુવિધા પણ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી રહી છે.

શાળાના પ્રવૃત્તિ તજ્જ્ઞો, સંયોજકો, માર્ગદર્શકો દ્વારા સવારે ૮થી બપોરે ૧૨ દરમ્યાન તાસ પદ્ધતિથી રેડ, ગ્રીન, બ્લ્યૂ, યલો ગૃપમાં તાલીમાર્થીઓને વહેંચી દઈને નિત્ય પ્રાર્થના પછી સ્પૉર્ટ્સ (ટેબલ ટેનીસ, ચેસ, કેરમ, સ્કેટીંગ, યોગા, કરાટે, એર રાઈફલ શૂટીંગ, લોન ટેનિસ, બાસ્કેટ બોલ), ડાન્સ (વેસ્ટર્ન, ફોક, ક્લાસીકલ), મ્યુઝીક (તબલાં, હાર્મોનિયમ, કેશિયો), સ્પોકન ઈંગ્લિશ, કમ્પ્યુટર બેઝીક વગેરે વિષયોની પદ્ધતિસરની તાલીમ આપવામાં આવી રહી છે.

વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શક્તિ ખીલે, તેમનામાં રહેલી નૈસર્ગિક, સુષુપ્ત શક્તિઓ ઉજાગર થાય તથા તેમનો શારીરિક-માનસિક-બૌદ્ધિક વિકાસ થાય તે હેતુથી સ્કૂલ ઓફ એચિવર દ્વારા આ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્કૂલ દ્વારા પોતાના વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય શાળાઓના વિદ્યાર્થીને પણ કેમ્પ શરૂ થતા પહેલાં રજિસ્ટ્રેશનની તક આપવામાં આવી હતી, જેનો લાભ લઈને વિદ્યાર્થીઓ આ સમર કેમ્પનો લાભ લઈ રહ્યા છે. પ્રિન્સીપાલ કે એસ પટેલ તથા વાઈસ પ્રિન્સીપાલ જગદીશભાઈ સુથારના આયોજનમાં સ્કૂલનાં શિક્ષિકા હીનાબેન ત્રિવેદી આ શિબિરનું સંચાલન કરી રહ્યાં છે.

સ્પોર્ટ્સની તાલીમ મેહુલ ગજ્જર, ધર્મેન્દ્ર સોલંક, આયર ભાર્ગવ, હરજિંદર ગીલ, પ્રજ્ઞેસભાઈ મેસરિયા, ડાન્સની તાલીમ જયદીપ ઉપલા, સીમાબેન, મ્યુઝીકની તાલીમ અરવિંદભાઈ વોરા, પિનાકીન રાવલ, ડ્રોઈંગ-ક્રાફ્ટની તાલીમ પરિન્દ ઠાકોર, કૌશિકભાઈ પટેલ, સ્પોકન ઈંગ્લિશ અને કમ્પ્યુટરની તાલીમ રાજેન્દ્રભાઈ પટેલ, પલ્લવીબેન, લક્ષ્મીબેન, રોહિતભાઈ ખત્રી, કિંજલબેન પટેલ, કિરણબેન વાઘેલા અને વેદાંતભાઈ દ્વારા આપવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે તમામ તાલીમાર્થીઓને આ કૅમ્પ પૂર્ણ થયા બાદ તેમની તાલીમનું પ્રદર્શન કરવાની યોગ્ય તક પણ આપવામાં આવશે. મતલબ કે શિબિર પછી પરફોર્મન્સની તક પણ આ શિબિરના તાલીમાર્થીઓ માટે ઉપલબ્ધ બનાવવામાં આવી છે.

(તસવીરો : બ્રિજરાજસિંહ ઝાલા)